# ગુજરાતમાં કોરોનાનો હાહાકાર : વધુ ૨૧૭ કેસ

## ગુજરાતમાં કુલ ૨૬૨૪ : આજે વધુ નવના મોત : સુરતમાં ૪૧, વડોદરામાં ૭ અને ભરૂચમાં વધુ ૫ કેસો : ૭૯ લોકોને ડિસ્ચાર્જ કરાયા

ગાંધીનગર, તા.૨૩

ગુજરાતમાં કોરોના તાંડવ આજે ગુરુવારના દિવસે પણ યથાવતરીતે જારી રહ્યો હતો. આજે ગુજરાતમાં ૨૧૭ નવા કેસ નોંધાતા કેસોની સંખ્યા વધીને ૨૬૨૪ ઉપર પહોંચી હતી. એકલા અમદાવાદમાં આજે કેસનો જોરદાર વિસ્ફોટ થયો હતો અને ૧૫૧ કેસો સપાટી ઉપર આવ્યા હતા. આજે એક જ દિવસમાં રાજ્યમાં નવ લોકોના મોત થયા હતા આની સાથે જ મોતનો આંકડો ગુજરાતમાં વધીને ૧૧૨ પર પહોંચી ચુક્યો છે. આજે અમદાવાદમાં ૧૫૧ કેસ ઉપરાંત સુરતમાં ૪૧ અને વડોદરામાં સાત કેસ નોંધાયા હતા. ભરુચમાં પાંચ કેસ સપાટી ઉપર આવ્યા હતા. હજુ સુધી કુલ પોઝિટિવ સંખ્યા ૨૬૨૪ સુધી પહોંચી છે જ્યારે કોરોના સામે જંગ જીત્યા બાદ ૨૫૮ને રજા આપી દેવામાં આવી છે. ૨૮ દર્દીઓ હજુ વેન્ટીલેટર પર લેબોરેટરી પરીક્ષણની વાત કરવામાં આવે તો હજુ સુધી ૪૨૩૮૪ ટેસ્ટ કરવામાં આવ્યા છે જે પૈકી ૩૯૭૬૦ ટેસ્ટ નેગેટિવ જાહેર થયા છે. આજે નવ લોકોના મોત થયા હતા જે પૈકી અમદાવાદમાં સાત લોકોના મોત થયા હતા. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ચાર લોકોના મોત થયા હતા જ્યારે અમદાવાદ એસવીપીમાં ત્રણ લોકોના મોત થયા હતા. આ દર્દીઓ જુદી જુદી સમસ્યાઓથી પણ ગ્રસ્ત હતા. અમદાવાદ સિવિલમાં મૃત્યુ પામેલાઓમાં ૧૬ વર્ષની સગીરાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૭૫ વર્ષીય મહિલા અને ૪૮ વર્ષીય મહિલાનો સમાવેશ થાય છે. એક ૭૩ વર્ષીય પુરુષનું પણ સિવિલમાં મોત થયું છે. ટૂંકમાં અમદાવાદમાં તમામ મોટી વયના લોકોના મોત થયા છે જે ડાયાબિટીસ, કિડનીના રોગ અને અન્ય બિમારીથી ગ્રસ્ત હતા. આજે સરકાર તરફથી જણાવવામાં આવ્યું હતું કે, હવે દર ૨૪ કલાકે જ કોરોનાના આંકડા જાહેર કરવામાં આવશે. આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિ દ્વારા આજે આ મુજબની જાહેરાત કરવામાં આવી હતી. તેમણે આ મુજબની વાત કરતા સામાન્ય લોકો અને મિડિયામાં અનેક પ્રકારની ચર્ચા છે. ટેસ્ટમાં કોઈ પણ પ્રકારનો ઘટાડો કરવામાં આવ્યો નથી તેમ જણાવતા તેમણે કહ્યુ હતુ કે પહેલા જેટલા ટેસ્ટ કરવામાં આવતા હતા તેટલા જ ટેસ્ટ કરવામાં આવનાર છે. દરરોજના ત્રણ હજાર ટેસ્ટમાંથી ૨૫૦૦ ટેસ્ટ અલગ અલગ વિસ્તારમાં કરવામાં આવનાર છે. જ્યારે ૫૦૦ ટેસ્ટ ક્વોરોન્ટાઈન કરવામાં આવેલા લોકોમાં કરવામા આવનાર છે. તેમણે કહ્યુ હતુ કે ગંભીર બિમારી હોય તેવા લોકોએ વધારે કાળજી રાખવાની જરૂર છે. હવેથી ૨૪ કલાકમાં જ આંકડા આપવામાં આવશે તે હેવાલ આવ્યા બાદ આની ચર્ચા જોવા મળી રહી છે. ગુજરાતના સૌથી વધારે અસરગ્રસ્ત વિસ્તારમાં અમદાવાદ છે. ત્યારબાદ વડોદરા અને સુરતમાં પણ મોટી સંખ્યામાં કેસો છે. ગુજરાતમાં જે કેસો વધ્યા છે તે પૈકી મોટાભાગે અમદાવાદમાં વધી રહ્યા છે. અન્યત્ર સ્થિતિ કાબૂમાં આવી રહી છે પરંતુ અમદાવાદના લીધે આંકડો ઉલ્લેખનીયરીતે વધ્યો છે.આજે પણ કોરોના પ્રભાવિત વિસ્તારોમાં સઘન તપાસની કામગીરી યથાવત રીતે જારી રહી હતી. જેના ભાગરૂપે અમદાવાદમાં વધુ ૧૫૧ કેસો સપાટી પર આવ્યા હતા. હોટસ્પોટ બનેલા અને ખતરનાકરીતે કોરોનાના કેસો જ્યાં વધી રહ્યા છ. અમદાવાદમાં આજે જે ૬૭ પોઝિટિવ કેસ આવ્યા હતા. અમદાવાદમાં કેસોને રોકવા માટે વિવિધ પગલાની અસર દેખાઈ રહી છે. રાજ્યમાં કોરોનાને લઈને સાવચેતીના તમામ પગલા લેવાઈ રહ્યા છે. રાજયમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ સહિતના હોટસ્પોટ સ્થાનોએ સરકાર અને તંત્ર દ્વારા મહત્તમ ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે, તેના કારણે હાલ રાજયમાં કોરોના પોઝિટિવના કેસોમાં આટલો ઉછાળો અથવા તો વધારો નોંધાઈ રહ્યો છે. અમદાવાદ અને વડોદરા રાજ્યમાં હોટસ્પોટ તરીકે નોંધાઈ ગયા છે. કારણ કે, આ બે જગ્યા પર જ સૌથી વધુ કેસ નોંધાઈ રહ્યા છે. ગુજરાતમાં દેશના અન્ય ભાગોની જેમ જ કોરોનાના કેસોમાં ઉલ્લેખનીયરીતે વધારો થઈ રહ્યો છે. સૌથી વધુ પ્રભાવિત રહેલા રાજ્યોમાં હવે ગુજરાત પણ સામેલ થઈ ગયું છે. રાજ્ય સરકાર જુદી જુદી રીતે માહિતી મેળવવાના તમામ પ્રયાસો કરી રહી છે. ચકાસણીની પ્રક્રિયા પણ તીવ્ર કરવામાં આવી છે. રાજ્યમા ખાસ કોરોના હોસ્પિટલો પણ ઉભી કરવામાં આવી છે.કારણ કે, આ બે જગ્યા પર જ સૌથી વધુ કેસ નોંધાઈ રહ્યા છે. ગુજરાતમાં દેશના અન્ય ભાગોની જેમ જ કોરોનાના કેસોમાં ઉલ્લેખનીયરીતે વધારો થઈ રહ્યો છે. સૌથી વધુ પ્રભાવિત રહેલા રાજ્યોમાં હવે ગુજરાત પણ સામેલ થઈ ગયું છે. રાજ્ય સરકાર જુદી જુદી રીતે માહિતી મેળવવાના તમામ પ્રયાસો કરી રહી છે. ચકાસણીની પ્રક્રિયા પણ તીવ્ર કરવામાં આવી છે. રાજ્યમા ખાસ કોરોના હોસ્પિટલો પણ ઉભી કરવામાં આવી છે જેમાં તમામ પ્રકારની સુવિધાઓ રાખવામાં આવી છે. લોકડાઉનની સ્થિતિ પ્રવર્તી રહી છે. તમામ નિષ્ણાતોના કહેવા મુજબ ગુજરાતમાં કોરોના વાયરસના કેસો વધી રહ્યા છે ત્યારઅહીં રાહત મળે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. અમદાવાદના જુદા જુદા ઝોનમાં સઘન કામગીરી ચાલી રહી છે. કોરોનાનો હાહાકાર જારી રહ્યો છે. સુરત અને વડોદરામાં પણ કેસોની સંખ્યામાં જોરદાર રીતે વધારો થઈ રહ્યો છે. જો કે રાજ્યના મોટા ભાગના કેસો અમદાવાદમાં રહ્યા છે. ક્વોરનટાઈનની વાત કરવામાં આવે તો ૨૮૫૯૧ હાલ હોમ ક્વોરનટાઈન છે જ્યારે ૩૪૨૬ સરકારી ફેસિલિટીમાં છે. કુલ ક્વોરનટાઈન હેઠળ રહેલા લોકોની સંખ્યા ૩૨૩૧૭ નોંધાઈ છે.

**અમદાવાદ : ૧૬૫૨**
**મૃત્યુ : ૬૯, ડીસ્ચાર્જ : ૧૧૩**

- સુરત ૪૫૬
- વડોદરા ૨૦૮
- રાજકોટ ૪૧
- ભાવનગર ૩૩
- ભરૂચ ૨૯
- આણંદ ૩૩
- ગાંધીનગર ૧૮
- પાટણ ૧૫
- નર્મદા ૧૨
- પોરબંદર ૦૩
- બનાસકાંઠા ૧૬
- મહેસાણા ૦૭
- કચ્છ ૦૬
- અરવલ્લી ૧૮
- ગીરસોમનાથ ૦૩
- મહીસાગર ૦૯
- છોટાઉદેપુર ૧૧
- પંચમહાલ ૧૨
- જામનગર ૦૧
- મોરબી ૦૧
- સાબરકાંઠા ૦૩
- દાહોદ ૦૪
- બોટાદ ૧૧
- ખેડા ૦૫
- તાપી ૦૧
- વલસાડ ૦૪
- નવસારી ૦૧
- ડાંગ ૦૧

### કોરોનાના સંકટ વચ્ચે કોવિડ ડેડીકેટેડ સિવિલ હોસ્પિટલમાં તંત્ર ૨૪x૭ ખડે પગે ૧૧૨૫ કોરોના યોધ્ધાઓ અવિરત સેવા બજાવે છે

**કોઈના બાળકો નાના છે... કોઈના પરિવારમાં તકલીફ છે...પણ સેવા જ તેમનો ધર્મ.... "સલામ છે આ યોધ્ધાઓને..."**

ગાંધીનગર, તા. ૨૩

કોવિડ-૧૯ વાયરસની મહામારીએ વિશ્વ આખાને ભરડામાં લીધુ છે. આ રોગને નાથવા રાજ્ય પ્રશાસન સતત કાર્યરત છે. અમદાવાદની સૌથી મોટી સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં ૧૨૦૦ બેડની હોસ્પિટલને કોવોડ હોસ્પિટલમાં ફેરવવામાં આવી છે. આખા રાજયમાંથી અને કેટલાક કિસ્સાઓમાં રાજ્ય બહારથી પણ દર્દીઓને અહીં દાખલ કરાયા છે. આ દર્દીઓની સેવામાં ત્રણ પાળીમાં અંદાજે ૧૧૨૫ યોધ્ધાઓ ૨૪૮૭ ખડેપગે અને અવિરત સેવા બજાવે છે.



એમને મન તો બસ કોરોના દર્દીઓની સેવા જ મુળ મંત્ર છે.

અત્રે ઉલ્લેખનીય છે કે અહીં ખાસ "ક્લીન રૂમ" કાર્યન્વિત કરાયો છે. જે પરિવારમાં માતા-પિતા બન્ને કોરોના પોઝીટીવ હોય અને તેમના નાના બાળકો હોય અને કોઈ રાખનાર કે સંભાળ લેનાર ન હોય તો તેવા બાળકોને અહીંનો નર્સિંગ સ્ટાફ "માતા" બનીને સાચવે છે. આ "ક્લીન રૂમ"માં હાલ ૫ બાળકો છે જેઓ ૫ થી ૧૦ વર્ષની વય જૂથના છે અને એક બાળક તો માત્ર દોઢ વર્ષનું છે...આ બાળકોને સેરેલેક પાવડરથી માંડીને જે કંઈ જરૂરી હોય તે અપાય છે. આ બાળકો માટે ખાસ "એટેન્ડન્ટ" પણ રખાયા છે.

જે દર્દીઓ દાખલ થયા હોય ત્યાં દર્દીના કોઈ પણ સગાને ચેપ ન લાગે એટલે સલામતી માટે જ વોર્ડમાં પ્રવેશ અપાતો નથી...કોઈ ખાસ કિસ્સામાં જરૂર હોય કે દર્દીની લાગણી અને માંગણી હોયકે દર્દી વેન્ટીલેટર પર હોય કે પ્રોસીજર જરૂરી હોય તેવા કિસ્સામાં એક સગાને રક્ષાત્મક સાધનો સાથે જવાની મંજૂરી અપાય છે અને અન્ય કિસ્સાઓમાં નજીક એક વિશાળ ડોમ બનાવાયો છે ત્યાં તમામ સહાઓને બેસવાની વ્યવસ્થા કરવામાં આવી છે. અહીં પણ હોસ્પિટાલનો સ્ટાફ તહેનાત કરાયો છે જેમને હોસ્પિટલ તરફથી મોબાઈલ અપાયા છે. જેના દ્વારા દર્દી તેમના સગા સાથે વિડીયો કોલીંગથી વાત કરી શકે છે...સ આ માટે ૫૦ જેટલા મોબાઈલની વ્યવસ્થા કરાઈ છે. મારુ સ્વજન સારી સ્થિતિમાં છે એટલી ખાતરી કરાવવા માટે હોસ્પિટલ તરફથી આ વિડીયો કોલીંગની સુવિધા ઉભી કરાઈ હોવાનું ડો. ગજ્જર કહે છે.

આ હોસ્પિટલના સુચારુ સંચાલન માટે હોસ્પિટલની ડીન તરીકે મૈત્રેય ગજ્જરને જવાબદારી સોંપવામાં આવી છે. ડો ગજ્જર કહે છે કે, "અહીં અત્રે ૬૫૭ દર્દીઓ દાખલ છે તે પૈકી ૫૨૯ દર્દીઓ પોઝીટીવ છે અને ૧૨૯ દર્દીઓના ટેસ્ટ કરાઈ ચુક્યા છે પરંતુ તેમના રીઝલ્ટ આવવાના બાકી છે. આ દર્દીઓમાં ૨૬૮ પુરુષ દર્દીઓ અને ૨૪૯ મહિલા દર્દીઓ છે. તો તેમાં ૨૩ ફિમેલ ચાઈલ્ડ અને ૧૭ મેલ ચાઈલ્ડ દર્દીઓનો સમાવેશ થાય છે. ૭ દર્દીઓ વેન્ટીલેટર પર છે, ૨૭ દર્દીઓ ઓક્સિજન પર છે અને ૬૨૩ દર્દીઓ નોર્મલ ટ્રીટમેન્ટ મેળવી રહ્યા છે. મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ પંકજ કુમારના માર્ગદર્શન હેઠળ આર્થિક બાબતોના સચિવ મિલિન્દ તોરવણે અને આરોગ્ય કમિશ્નર જયપ્રકાશ શીવહરે સીધી દેખરેખ રાખી રહ્યા છે.



હોસ્પિટલના આર.એમ.ઓ ડો. સંજય સોલંકી કહે છે કે અહીં પ્રત્યેક પાળીમાં ૨૩ ડોક્ટર, ૧૦૪ નર્સ, ૧૧ પેરામોડિકલ સ્ટાફ અને ૨૩૪ વર્ગ-૪ના સેવકો અત્યંત નિષ્ઠાપૂર્વક ફરજ બજાવે છે. એ રીતે ૧૧૨૫ લોકો પોતાના ઘર-પરિવારની ચિંતા કર્યા વિના અહીં ફરજ બજાવે છે.

આ યોધ્ધાઓ નથી તેમના ઘરની ચિંતા કરતા કે નથી તેમના પરિવારની ચિંતા કરતા...

આ રોગનું સંક્રમણ ન વધે તે માટે પ્રશાસન સતત કાર્યરત છે. આરોગ્ય વિભાગ દ્વારા "કોરોના યોધ્ધા બનો-ઘરે રહો, સુરક્ષિત રહો" ના ધ્યેયમંત્ર સાથે આ યોધ્ધાઓ ફરજ બજાવે છે. સલામ છે તેમના ધ્યેય, ધૈર્ય અને સંવેદનાના ધબકાર ને...

### વધારવા માંગ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આઝાદ રાષ્ટ્રીય ઉર્દુ યુનિવર્સિટીના કુલપતિ ફિરોજ બક્ષ અહેમદે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને આ તમામ આશંકાથી તેમને વાકેફ કર્યા છે. આવી સ્થિતીમાં સાવચેતીના પગલારૂપે લોકડાઉનની અવધિને લંબાવી દેવાની માંગ પણ કરી છે. હાલમાં દેશમાં કોરોનાના કારણે હાહાકાર મચેલો છે. પવિત્ર રમઝાનને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. મુસ્લિમ સમુદાયના લોકો આની હમેંશા રાહ જોતા રહે છે. આ ગાળા દરમિયાન તેમના દ્વારા મોટા પાયે ખરીદી કરવામાં આવે છે. સાથે સાથે ભવ્ય ઉજવણી પણ કરવામાં આવે છે. આવી સ્થિતીમાં કોરોનાનો ખતરો વધી શકે છે. આવનાર દિવસો વધારે પડકારરૂપ હોઈ શકે છે. જેથી તમામ બાબતોને ધ્યાનમાં લઈને આ નિર્ણય કરવામાં આવે તે જરૂરી છે. દેશમાં કોરોનાના કેસોની સંખ્યા ૨૧ હજારથી ઉપર પહોંચી ચુકી છે. એકલા ગુજરાતમાં જ કોરોનાના કેસોની સંખ્યા બે હજારથી ઉપર પહોંચી ચુકી છે.

## ડીસામાં અફવાઓના પગલે લોકોમાં દહેશતનો માહોલ

**સોશિયલ મીડિયામાં કોરોના વાયરસના ત્રણ કેસની પોસ્ટ વાયરલ**

ડીસા, તા. ૨૨

સમગ્ર વિશ્વ કોરોના વાયરસના અજગરી ભરડામાં લપેટાઈ ચુક્યું છે. આ મહામારીએ




ભારતમાં પણ અનેક લોકોને સંક્રમિત કર્યા છે રોજ બરોજ કોરોના વાયરસ સંક્રમીત દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. કોરોનાના દર્દીઓ અમદાવાદ, સુરત, બરોડા, રાજકોટ સહિતના શહેરો સિવાય નાના જિલ્લાઓમાં પણ જોવા મળી રહ્યા છે જેના પગલે રાજ્ય અને કેન્દ્ર સરકાર પણ ચિંતિત બની છે, બીજી બાજુ સોસીયલ મીડિયામાં અફવાઓનું બજાર ગરમ રહેવા પામ્યું છે. ગઈકાલે બુધવારે ડીસામાં પણ સોસીયલ મીડિયામાં કોરોના વાયરસના ત્રણ કેસ સાથેની પોસ્ટ કોઈ વ્યક્તિએ વાયરલ કરી દેતા દહેશતનો માહોલ ઉભો થયો હતો તેથી લોકો મીડિયાકર્મી તેમજ આરોગ્ય અધિકારીઓને વારંવાર ફોન કરી પૂછતાં જોવા મળ્યા હતા. પણ લોકોની માનસિકતાને લઈ સમગ્ર શહેરમાં ભયનો માહોલ પેદા થયો હતો જોકે આ બાબતે સાચી હકીકતની ખાતરી કરવા માટે અમારા માધ્યમ થકી ડીસા આરોગ્ય અધિકારી જીગ્નેશ હરિયાણીને પૂછતાં તેમણે સોસીયલ મીડિયાની આ બાબતને માત્ર ને માત્ર અફવા ગણાવી હતી અને લોકોને આવા ખોટા મેસેજથી ગભરાવાની જરૂર નથી તેમજ સાથે જણાવ્યું હતું કે આવી અફવા ફેલાવી લોકોમાં ભયનું વાતાવરણ ઉભું કરવું એ કાયદાકીય રીતે ગુનો બને છે અને આવી અફવા ફેલાવનાર સામે કાયદેસર કાર્યવાહી પણ થઈ શકે છે જોકે આરોગ્ય અધિકારીના આ સાચા પ્રત્યુતર બાદ લોકોએ હાશકારો અનુભવ્યો હતો. પરંતુ આવી ખોટી પોસ્ટ વાયરલ કરનાર સામે પગલાં ભરવાની લોકોએ માંગ પણ કરી હતી.

### મોદી છે તો

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

કોરોનાની સામે લડાઈમાં પોતે વડાપ્રધાન અને તેમની સરકારને લોકો તરફથી જોરદાર પ્રતિસાદ મળી રહ્યો છે. હવે નવા કરવામાં આવેલા સર્વેમાં એવી વિગત સપાટી ઉપર આવી છે કે, ૯૩.૫ ટકા ભારતીયો માને છે કે, મોદી સરકાર કોરોનાને રોકવામાં સફળતાપૂર્વક આગળ વધી રહી છે. કેન્દ્ર સરકારે ૨૫મી માર્ચથી ૨૧ દિવસ માટે દેશવ્યાપી લોકડાઉનની જાહેરાત કરી હતી જેને ત્રીજી મે સુધી વધારી દેવામાં આવી હતી. કોવિડ-૧૯ ટ્રેકરના કહેવા મુજબ લોકડાઉનના પ્રથમ દિવસે ૭૬.૮ ટકા લોકો મોદી સરકાર પર વિશ્વાસ કરી રહ્યા હતા. ૨૧મી એપ્રિલ સુધી આ સંખ્યા ૯૩.૫ ટકા થઈ ગઈ છે. આ તમામ લોકો સરકારની કામગીરીથી ખુશ દેખાઈ રહ્યા છે. સરકાર કોરોનાને રોકવા બનતા તમામ પગલા લઈ રહી છે. આ પહેલા મંગળવારના દિવસે અમેરિકી સર્વે કંપનીએ પણ આ અંગેની વાત કરી હતી. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ ટ્વિટ કરીને આની માહિતી આપી છે. તેમણે કહ્યું છે કે, વાસ્તવિકતા તમામ લોકોની વચ્ચે છે. સમગ્ર વિશ્વમાં મોદીની પ્રશંસા થઈ રહી છે. ભારતીયોની સાથે સાથે વિશ્વ સમુદાયની પણ તેઓ નોંધ લઈ રહ્યા છે. દરેક ભારતીય તેમની લીડરશીપમાં સંપૂર્ણ વિશ્વાસ અને સુરક્ષાનો ભાવ અનુભવ કરે છે જે તેમની કુશળતા દર્શાવે છે. બીજી બાજુ સર્વેમાં કેટલીક બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

### ૨૧૦ દેશોમાં

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સ્પેન, ઈટાલી, ફ્રાંસ, બ્રિટન, બેલ્જિયમ સૌથી આગળ રહ્યા છે. આ તમામ દેશોમાં મોટી સંખ્યામાં લોકોએ કોરોના વાયરસના કારણે દમ તોડી દીધા છે. હાલમાં વિશ્વમાં આશરે ત્રણ અબજ લોકો લોકડાઉનમાં જીવન ગાળી રહ્યા છે. દુનિયાના દેશો માની રહ્યા છે કે હજુ એપ્રિલના મહિના સુધી તેનો આતંક યથાવત રીતે જારી રહી શકે છે. કારણ કે કેસોની સંખ્યા વધી છે. હજુ ગંભીર રીતે અસરગ્રસ્ત રહેલા દર્દીઓની સંખ્યા હજારોમાં રહેલી છે. આવી સ્થિતીમાં દુનિયાના દેશમાં રિકવરીમાં સમય લાગી શકે છે. અમેરિકા, ઈટાલી, સ્પેન સહિતના દેશોમાં સ્થિતી વણસી ગઈ છે. હવે સૌથી અસરગ્રસ્ત દેશોમાં ભારત પણ સામેલ છે. કારણ કે કેસોની સંખ્યા રેકોર્ડ ગતિથી વધી રહી છે. સ્પેન, અમેરિકા, ઈટાલી સહિતના દેશો વધારે અસરગ્રસ્ત થયા છે. આ દેશોમાં તમામ પ્રવૃતિ ભાંગી પડી છે. તેમના પગલા પણ હવે અપુરતા સાબિત થઈ રહ્યા છે. કોરોના કહેર હજુ જારી રહી શકે છે. વાયરસને કાબુમાં લેવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં રોગ પર કાબુ લેવામાં સફળતા હાથ લાગી રહી નથી. વાયરસને કાબુમાં લેવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં રોગ પર કાબુ લેવામાં સફળતા હાથ લાગી રહી નથી. દુનિયાના ૨૧૦ કરતા વધારે દેશો કોરોનાના કારણે મુશ્કેલીમાં મુકાઈ ગયા છે.

## અરવલ્લીના ૩૦૦થી વધુ મજૂરોથી ૪૩ ઔધોગિક એકમો કાર્યરત

અરવલ્લી જિલ્લામાં કોરોના વાયરસના સંક્રમણ ગ્રામ્ય વિસ્તારમાં પ્રસરતા જિલ્લામાં અત્યાર સુધી ૧૭ કેસ નોંધાયા છે આ સાથે કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા અન્વયે કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર થયેલા વિસ્તારની બહાર ઔધોગિક એકમો કાર્યરત કરવાની મંજૂરી આપવા આવી છે.

જે અંતર્ગત અરવલ્લી જિલ્લામાં આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલા કૃષિ, આરોગ્ય અને અન્ય જરૂરી સેવાઓ સાથે સંકળાયેલા પ્રાથમિક તબક્કામાં મંજૂરી આપવામાં આવી છે. પણ કાર્યરત કરવામાં આવેલા ઔધોગિક એકમોને કામ કરનાર મજૂરોના આરોગ્યની તપાસ તેમજ સામાજીક અંતર જળવાય તેમજ કામદારોનો વીમો, એકમોમાં આવા-ગમન અને રહેવા-જમવાની તમામ વ્યવસ્થા ઉભી કરવાની શરતો સાથે જિલ્લાના ૪૩ ઔધોગિક એકમોને મંજૂરી આપવમાં આવી છે. જેમાં ૩૦૦થી વધુ મજૂરો હવે કામગીરી કરશે.

## તલોદમાં ઓલ ઈન્ડિયા બેંક ઓફ બરોડા એમ્પ્લોઈઝ વેલ્ફર એસોસીએશન દ્વારા કિટનું વિતરણ

તલોદ, તા. ૨૩

કોરોના મહામારીમાં લોકડાઉન જાહેર કરેલ છે. ત્યારે નિઃશહાય વિધવાઓને અનાજ-કરીયાણું તેલ, ઘઉં, ચોખા, મરચું, મશાલા જેવી ચિજોના કિટનું વિતરણ




તલોદ વિસ્તારનો પણ ચુસ્ત અમલ થયેલો દેખાઈ રહ્યો છે. જેમાં રોજેરોજનું કમાઈ રોજેરોજ ખાનારા વર્ગની હાલત અત્યારે કફોડી થઈ જવા પામી છે. જેમને બે ટાઈમ ખાવાનું મળી રહે તેવા શુભ હેતુથી ઓલ ઈન્ડિયા બેંક ઓફ બરોડા એસ/એસરી એમ્પ્લોઈઝ વેલ્ફર એસોસીએશન અમદાવાદ યુનિટ દ્વારા મંગળવારે તલોદ ખાતે વાલ્મિકી વાસ-મહિયલ વણકરવાસ, માણેકલાલ માસ્તરની ચાલી જેવા વિસ્તારોમાં તલોદ ખાતે પણ અન્ય કરવામાં આવ્યું હતું.

આ સહાય અભિયાનમાં તલોદ બેંક ઓફ બરોડાના કર્મચારી મનુભાઈ વાણિયા, કિરીટભાઈ પ્રિયદર્શી, ધવલભાઈ ઝાલા, રોહનભાઈ અને પરિમલભાઈ દ્વારા આ કોરોના મહામારીને ધ્યાનમાં રાખી ખાસ તલોદ ખાતે આ પેકજ હાથ ધરવામાં આવ્યુ હતુ. બેંકના કર્મચારી એસોસીએશન દ્વારા માનવતાવાદી આવી કામગીરીને શહેર અને સમાજના આગેવાનોએ આવકારી હતી અને આભાર પ્રગટ કર્યો હતો.

### નોંધ થશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મનપા દ્વારા જે પોઈંટ નિયત કરવામાં આવ્યા છે તેમાં ક-૫, ૬, ૭, ઘ-૭, ઘ-૦, ખ-૦, રક્ષાશક્તિ સર્કલ, ઈન્દ્રોડા સર્કલ અને સે. ૩૦ સર્કલનો સમાવેશ થાય છે. આ ટીમો દ્વારા ગાંધીનગરનું સરનામુ, કયા કારણોસર જવાનુ છે તે સહિતની વિવિધ વિગતો અંગે પૃચ્છા કરી આ યાદી તૈયાર કરવામાં આવી રહેલ છે. બે દિવસથી આ ટીમોએ કામગીરી આરંભી દીધી છે અને મનપા ખાતે તેનુ મોનીટરીંગ પણ શરૂ કરવામાં આવેલ છે.

### ડીએ ફ્રીઝ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અને ૬૫ લાખ પેન્શનરોને અસર થશે. એકંદરે કુલ ૧.૧૩ કરોડ પરિવારોને આની અસર થશે. સામાન્યરીતે મોંઘવારીની સ્થિતિને ધ્યાનમાં લઈને આ નાણાં ચુકવવામાં આવે છે. કોવિડ-૧૯ના કારણે ઉભી થયેલી કટોકટીના અનુસંધાનમાં એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે, કેન્દ્ર સરકારના કર્મચારીઓને મળનાર મોંઘવારી ભથ્થા અને કેન્દ્ર સરકારના પેન્શનરોને મળનાર મોંઘવારી રાહતની વધારાની ઈન્સ્ટોલમેન્ટની રકમ તેમને ચુકવવામાં આવશે નહીં. કેબિનેટે એક મહિના અગાઉ ભથ્થાને વધારવાની જાહેરાત કરી હતી.